વર્ષ ૨ અંક ૩ જેઠ વદ ૧૧, ૨૦૬૪

શ્રીગોકુલેશ પાઠશાળા

શ્રીયોગિની એકાદશી વ્રત

તાત તણો પ્રતિબિંબ રે રસના - ૩

શ્રીગિરિવરધર અતિવલ્લભ શ્રીઆચાર્યજીનું મન,
શ્રીપાર્વતી વહુજીના જીવન શ્રીગુસાંઇજીનું સર્વસ્વધન.
રસદાયક રસપોષક રસમય રસનું ધામ,
મોહન નવરસ રંજન ગોકુલરત્ન વિશ્રામ.



।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત્ તણો પ્રતિબિંબ રે રસના

શ્રીરસિક રસ ચરિત્ર

નિવેદન

શ્રીરાય પ્રભુકી ચરણ રજસું, પાવન હે યા ધામ;

કૃપાકરી શરણ લીયો, દીયો સ્વરૂપ રસદાન.૧

શ્રીગોકુલેશ નામ સુ બઢકર, કોઇ નહિં ઔર નામ;

મંગલ સબ સમે હોઇ જાય, જબ લીયો પ્રેમ સું યહ નામ.૨

પ્રતિબિંબ સ્વરૂપ શ્રીવલ્લભકો, પ્રકટે તાત વલ્લભરૂપ;

દાસગોપાલ કે શ્રીરાયપ્રભુ; કરો લીલાચરિત્ર અનુરૂપ.૩

કોટિ ઉપાય કરતાં માહાત્મ્ય પણ સમજતાં, વિચારતાં, છતાં પણ આ સ્વરૂપ હાથમાં આવતું નથી. કેવલ સ્નેહ દ્વારાજ પ્રાપ્ત થાય છે. સ્નેહનું સ્વરૂપ કહો કે ન્યામીક કહો, પણ તે ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે, તે કેવળ કૃપા પર અવલંબીત છે. કૃપાની ઢલણી, કૃપાનો પેંડો ન્યારો છે. તે કૃપા કેવળ અનન્ય ભાવે ભજી શરણે જવાથી જ સુલભ છે, બાકી તો દુર્લભ છે. શ્રીસર્વોત્તમજીની ટીકામાં જે શ્રીદાદાજીએ શ્લોક લખ્યો છે તેમાં શ્રીમહાપ્રભુજીનું નામ છે વિબુધેશ્વરાય નમઃ લખ્યુ છે. આ નામ પર વ્યાખ્યા કરતાં શ્રીદાદાજી આજ્ઞા કરે છે કે *એ પ્રમાણે શ્રીમહાપ્રભુજી કર્મમાર્ગવાળાઓની કામનાઓ પૂર્ણ કરનાર છે, અને ભગવાનના જ્ઞાનમાર્ગવાળાઓના પણ મનોરથો પૂર્ણ કરનારા છે, એમ સિદ્ધ કરવા પછીનું નામ* ***વિબુધેશ્વર*** *એમ કહેલું છે. વિ એટલે ઉત્તમ પ્રકારના અને બુધ એટલે જ્ઞાનીઓ-જ્ઞાનનો ઉત્તમ પ્રકાર, તે ભક્તિમાર્ગનું જ્ઞાન-તેમના પણ ઈશ્વર એટલે ફલ આપનારા શ્રીમહાપ્રભુજી છે.* એટલે એમ સમજવું કે કર્મ કરતાં જ્ઞાન ઉત્તમ અને જ્ઞાન કરતાં ભક્તિ ઉત્તમ, અને તેના દાતા શ્રીમહાપ્રભુજી છે. પોતાના ઘરમાં ભગવદ સ્વરૂપ અને શ્રીમહાપ્રભુ, શ્રીગુસાંઇજી અને શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુ સ્વરૂપે બીરાજતા હોય અને તે સ્નેહ વાત્સલ્યતા પૂર્વક વિપ્રયોગજનીત સેવા કરવા આજ્ઞા કરે છે. નિશ્ચિંત પણે ભજે અને શ્રીપુરુષોત્તમ ભાવથી ભજવાવાળાને શ્રીમહાપ્રભુજી કેમ પ્રસન્ન

થાય? તે પ્રસન્ન ન થાય, એજ આશય ખાતર આ માર્ગમાં નિશ્ચિંત થઇને ભજવાનું નહીં, પણ સદાય તાપ-ભાવ અનુભવવો. અને તે પણ અનન્ય ભાવે. તેજ અનન્ય ભાવ માટે સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુ આજ્ઞા કરે છે -

શ્રીગુસાંઇજી વિદ્યમાન દો સ્ત્રી પુરુષ હતે. સો બનારસ રહેતે હતે. સો એ દોનો વૈશ્નવકું દેખકે શ્રીગુસાંઇજી કે નેત્ર ભરી આયે, તબ વૈષ્ણવને પુછી જો રાહ, ઉનપર ઇતની બહોત કૃપા હેં. તબ કહ્યો કે યહાં રહેતે હુંએ જનમભર સેવા છોડી ઓર કહું દેખ્યો હી નાહીં હે. એસે સ્વરૂપાસક્ત અનન્યતા-શ્રીમુખે કહ્યું અનન્યતા વિના ઠાકોર પાઇયત નાહીં.

માતા પિતા ભરથાર બંધુ એ સબે દુખ રૂપ હે તાતે ભગવદ સંબંધી હોય તાકો સંગ કીજીએ ઓર સબનકો ત્યાગ કીજીએ એ વચનામૃત. એકવાર ભટ કલ્યાણે શ્રીજીને પુછ્યું જે રાજ હું સોરઠ ગયો ત્યારે એકે પુછ્યું કે પ્રભુને દ્વારે બેસી રહીએ તો પ્રભુ કૃપા કરેજ કરે. ત્યારે શ્રીજી બોલ્યા ભટ્ટજી એસે કૃપા નાહીં કરત હૈ. એક અનન્ય સ્વરૂપાસક્તકું પ્રભુ કૃપા કરેજ કરે. અનન્યશરણકું પ્રભુ કબહું ન છાંડે.....

એટલે શ્રીદાદાજી આજ્ઞા કરે છે કે દરેક જગ્યાં એ ફરવા કરતાં કેવળ એકજ સ્વરૂપમાં આસક્ત થવું, અને તેજ સ્વરૂપ આપણને કૃપા કરી ફલદાન પ્રદાન કરશે.

રાગ ભૈરવ

પ્રાતહી શ્રીગોકુલેશ ગોકુલેશ ગાઉં,

પૂરણ પુરુષોત્તમ વપુ ધરી વંદીત ત્રેલોકનાથ;

શ્રીવિઠ્ઠલેશ નંદનંદન નિરખી નિરખી નેન સીરાઉં. ૧

શ્રીવલ્લભજુકી સરણ આયે કલીયુગ કે જીવ ઉદ્ધારે;

સોતો સમુહ કેહાંલો ગીનાઉં,

જે કબહું કે નામ લેત તિનહુકો અભય દેત,

માંગત રઘુનાથદાસ નિકટ રહેન પાઉં. ૨

ભાવત્ક:-

દાસ ગોપાલ, વડોદરા, રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ.)

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

શ્રીરસિક રસ ચરિત્ર

કુટુંબની પૂર્વપીઠિકા

ગતાંકથી આગળ..

વલ્લભ ભટ્ટ :-

વલ્લભ ભટ્ટ (બાલભટ્ટ)નાં લગ્ન ધર્મપુરીના કાશીનાથની પૂર્ણા નામે કન્યા સાથે થયાં હતાં. એ સમર્થ વિદ્વાન હતા. દશ ગ્રંથ પર વ્યાખ્યાન કરી **દશગ્રંથી**ના નામથી પ્રચલ્લીત થયા. એમને પાંચ સોમયજ્ઞ કર્યા અને ભક્તિદીપ નામનો ગ્રંથ રચ્યો. એ સૂર્યનો અવતાર ગણાય છે. એમણે પણ મધ્યાહ્ન સમયે પહોર દિવસે ચડેલો બતાવી પોતાનું સૂર્યત્વ પ્રગટ કર્યું હતું.

વલ્લભ ભટ્ટને બે પુત્રો થયા, તેમાં પ્રથમ લક્ષ્મણ ભટ્ટ અને બીજા જનાર્દન ભટ્ટ. અને તે બન્નેમાં લક્ષ્મણ ભટ્ટ ઉત્તમ પંડિત થયા. એ સાક્ષાત્ શેષજીનો અવતાર હતાં. ઉત્તમ વિદ્યા સંપાદન કર્યા પછી લક્ષ્મણ ભટ્ટનાં લગ્ન વિદ્યાનગરના રાજાના પુરોહિત સુશર્માની કન્યા ઇલ્લમાગારૂ (યલ્લમાગારૂ) સાથે થયાં હતાં. એક સમયે દુશ્મન રાજાએ કાંકરવાડ નગરનો નાશ કર્યો, તેથી લક્ષ્મણ ભટ્ટજી અગ્રહાર નામે ગામમાં જઇ વસ્યા. એમને ત્યાં રામકૃષ્ણ નામનો પ્રથમ પુત્ર થયો. અને સરસ્વતી તથા સુભદ્રા નામની બે કન્યાઓ થઇ. એમણે પાંચ સોમયજ્ઞ કર્યા. આ પ્રમાણે યજ્ઞનારાયણ ભટ્ટે શરૂ કરેલા અને એ પછી એમના વંશજોએ ચાલુ રાખેલા સોમયજ્ઞની સંખ્યા લક્ષ્મણ ભટ્ટજીના સમયમાં ૧૦૦ પૂરી થઇ. છેલ્લો સોમયજ્ઞ સં.૧૫૩૨ના ચૈત્ર સુદ ૯ના સોમવારે પૂર્ણ થયો.

યજ્ઞની પૂર્ણાહુતિ વખતે યજ્ઞકુંડમાંથી અલૌકિક વાણી થઇ કે તમારે ઘરે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમનું પ્રાકટ્ય થશે. એ વખતે લક્ષ્મણ ભટ્ટજીએ કાશીમાં સવા લાખ બ્રાહ્મણોને ભોજન કરાવવાનો સંકલ્પ કર્યો. પછી યજ્ઞનારાયણ ભટ્ટને આપેલા વચન પ્રમાણે ભગવાને

(પૂર્ણ પુરુષોત્તમે) લક્ષ્મણ ભટ્ટજીનાં વિષ્ણુવ્રતપરાયણ અને સર્વગુણસંપન્ન પત્ની ઈલ્લમાગારૂના ગર્ભમાં પોતાના તેજનો પ્રવેશ કરાવ્યો. એ પછી ભગવદિચ્છાનુસાર શ્રીલક્ષ્મણ ભટ્ટજી બ્રહ્મભોજન કરાવવા માટે કાશીની યાત્રા નિમિત્તે સ્વજ્ઞાતી બ્રાહ્મણો સાથે પોતાનું વતન છોડી નીકળ્યા. માર્ગમાં આપશ્રીએ યાત્રાળુનો વેશ ધારણ કર્યો હતો. માર્ગમાં શ્રીગોવર્ધનનાથજીએ સ્વપ્નમાં દર્શન આપી આજ્ઞા કરી કે કાશીથી પાછા ફરતાં ચંપારણ્યમાં તમે જ્યારે આવશો, ત્યારે અમારું પ્રાકટ્ય થશે. અને એ વખતે શ્રીગોવર્ધનનાથજીએ એમને એક ઉપરણો, તુલસીની માળા તથા એક પ્રસાદી બીડી આપી અને કહ્યું કે આ બીડી બાળક ને જન્મઘૂંટીમાં પાઇ દેજો, તુલસીની માળા શ્રીકંઠમાં પહેરાવજો અને ઉપરણો પણ ઓઢાડજો. એટલામાં તો લક્ષ્મણ ભટ્ટજીની નિંદ્રા ખૂલી તો એ ત્રણ સામગ્રી સિવાય બીજું કાંઇ દેખાયું નહીં.

હવે લક્ષ્મણ ભટ્ટજી સ્વજનો સાથે સં.૧૫૩૫ પોષ વદ ૧૦ના રોજ પ્રયાગ પહોંચ્યા. અને યથાવિધિ ત્યાંની યાત્રા કરી. આ સ્થળે કૃષ્ણદાસ શેઠ (ચંપારણ્યના રાજાનો કારભારી) એમને મળ્યો. એણે પુત્રપ્રાપ્તિ માટે લક્ષ્મણ ભટ્ટને પ્રાર્થના કરી. એ ઉપરથી એમણે એને આશીર્વાદ આપ્યો. એ પછી કૃષ્ણદાસ પોતાને દેશ ગયો ને લક્ષ્મણ ભટ્ટજી (વારાણસીમાં) હનુમાનઘાટ પર પોતાની નાત ના સદ્‌ગૃહસ્થો રહેતા હતા ત્યાં એક મકાન રાખી રહ્યા અને પંડિતો, વિદ્વાનો તથા સંન્યાસીઓ સાથે ધર્મવાર્તા કરી આનંદ કરતા તથા થોડા થોડા દિવસ ના અંતરે બ્રહ્મભોજન કરાવતા.

શ્રીઆચાર્યશ્રીનું પ્રાકટ્ય

આ પ્રમાણે થોડો સમય આનંદમાં ગાળ્યા પછી ખબર આવી કે પશ્ચિમ દિશા તરફથી એક યવન પાદશાહ દિલ્હી આવ્યો છે અને યવન સેના લઇ કાશીના દશનામી સંન્યાસીઓ પર ચડાઇ કરવા આવે છે. આ સાંભળી કાશીના રહેવાસી ભયભીત થઇ અન્ય દેશોમાં નાસી જવા લાગ્યા, એ જોઇ લક્ષ્મણ ભટ્ટજી પણ સ્વદેશ તરફ પાછા જવા નીકળ્યા. એમની સાથે દક્ષિણનાં બીજાં કેટલાંક યાત્રાળુઓ પણ હતા. કેટલાક દિવસે એઓ સર્વ ભીમારથી

નદીના કિનારે ચૌડા નામે નગર પાસે ચંપારણ્યમાં (આજના કહેવાતા ચંપારણ્યથી અલગ, અહિં પ્રસંગોપાત એ કહી દેવું પણ ઉચિત જ ગણાશે કે શ્રીમહાપ્રભુજીના જન્મસ્થળ વિશે આપણને જે ભ્રાંતિ છે જે અન-ઐતિહાસિક કપોલકલ્પના સંપ્રદાયમાં ચાલી નીકળી છે. હાલમાં બનેલા છત્તીસગઢ રાજ્યના રાયપુર નગરની નજીક ચંપારણ્યને (જન્મ સ્થળ) માની લેવામાં આવેલું છે. આ પણ પ્રાચિન પ્રાપ્ત થતી બધી જ ઈતિવૃત્તોમાં મળતા ઉલ્લેખ (જેમ કે ચંપારણ્યહી જબ આયે...નગર ચૌડામેં બસે ..મુલ પુરુષ ૨-૩) કે જન્મ સ્થળ ભીમારથી નદીના તટ પર હતું. જ્યારે ખરેખર ભીમારથી મહાબળેશ્વર પર્વતમાળાથી નિકળીને પંઢરપુર થઈને શ્રીમહાપ્રભુજીના પૂર્વજોના નિવાસદેશમાં વહી રહેલી કૃષ્ણા નદીમાં આંધ્રપ્રદેશમાં મળી જાય છે. તે કથન પ્રમાણે અત્યારના ચંપારણ્યથી ૨૦૦-૩૦૦ માઈલ દક્ષિણમાં છે. એના તટ ઉપર એક દિવસમાં જઈને પાછું આવી શકાય એટલી દૂર ક્યાંય નજીકમાં જ ચૌડાનગર હોવું જોઈએ. જે આજના કહેવાતા ચંપારણ્યથી તદ્દન અલગ સ્થાન છે - જીન શ્રીવલ્લભરૂપ ન જાન્યોમાંથી સાભાર પાન ક્રમાંક ૫૩,૫૪) આવ્યા એ વખતે શિવા (હરડે)ના ઝાડ નીચે અંધારી રાત્રિને વિશે એમનાં સ્ત્રી ગર્ભસ્રાવ થયો. એ ગર્ભ જીવતો નથી એમ જાણી, પોતાનું વસ્ત્ર ફાડી, એના એક કડકામાં વીંટી એને એક શમીવૃક્ષની બખોલમાં મૂક્યો અને તે ઉપર ઝાડનાં પાંદડાં ઢાંક્યા. એની પછી એઓ સઘળાં આગળ ચાલ્યાં અને થોડે જઈ સર્વ મંડળીએ રસ્તામાં એક જગ્યાએ મુકામ કર્યો. ત્યાં લક્ષ્મણ ભટ્ટજી તથા ઈલ્લમાગારૂજીને પ્રભુએ સ્વપ્ન દ્વારા જણાવ્યું કે તમારે ત્યાં ભગવત્પ્રાકટ્ય થયું છે. બીજે દિવસે સવારે લક્ષ્મણભટ્ટજીને ખબર મળી કે દંડી સન્યાસીઓએ મ્લેચ્છોની ફોજને હરાવી કાઢી મૂકી છે અને કાશીમાં સર્વત્ર શાંતિ થઈ ગઈ છે. આ ખબર એમણે પોતાની સાથેના સર્વ ગૃહસ્થોને જણાવી અને તેથી જેઓને સ્વદેશ જવાની ઈચ્છા હતી તેમણે વિદાય કર્યા, જેઓને કાશી જવાની ઉતાવળ હતી તેમને કાશી જવા દીધા, પણ જેઓ લક્ષ્મણ ભટ્ટજીની સાથે જ રહેવા માંગતા હતા તેમણે આગલી રાત્રે ગર્ભસ્રાવ થવાની ખબર કહી અને જાત-શૌચની નિવૃત્તિ થયા પછી કાશી જવાનું જણાવ્યું. તે સર્વ લોકોએ પણ એમની સાથે રહેવા ખુશી જણાવી. પછી કેટલાક મનુષ્યો તથા ઈલ્લમાગારૂજીને સાથૈ લઈ લક્ષ્મણ ભટ્ટજી જે સ્થળે ગર્ભસ્રાવ થયો હતો ત્યાં ગયાં. ઈલ્લમાગારૂજી જ્યાં ગર્ભ મૂક્યો હતો ત્યાં ગયાં. ઈલ્લમાગારૂજીએ ચાળીસ હાથના અગ્નિકુંડની મધ્યમાં પોતે લપેટેલા વસ્ત્ર ઉપર (એટલે જ શ્રીમહાપ્રભુજી

અગ્નિસ્વરૂપ છે), એક અપ્રાકૃત બાળકને સ્વ-અંગુષ્ઠ ચૂસતો જોયો. ઈલ્લમાગારૂજીએ એ બાળક લક્ષ્મણ ભટ્ટજીને બતાવ્યો અને પય:સ્રાવની સાબિતી રૂપ તેમના સ્તનોમાંથી દૂધની ધારાઓ વહેવા લાગી અને કહ્યું કે આ બાળક મારો જ છે. ત્યારે લક્ષ્મણ ભટ્ટજી કહે છે કે જો તમારો બાળક છે તો અગ્નિ તમને માર્ગ આપશે. એ ઉપરથી ઈલ્લમાગારૂ એ બાળક તરફ જતાં અગ્નિએ માર્ગ આપવાથી એ બાળકને લઈ પોતાના હૃદય સાથે ચાંપ્યો. એ જ અપ્રાકૃત બાળક તે શ્રીમદ્વલ્લભાચાર્યજી હતાં. પછી પ્રથમની શ્રીગોવર્ધનનાથજીએ આપેલી બીડી જન્મઘૂંટીમાં પાઈ, તથા તુલસીની માળા શ્રીકંઠમાં પહેરાવી અને ઉપરણો ઓઢાવ્યો. એ વખતે આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થઈ.

શ્રીમહાપ્રભુજીનું વિસ્તૃત જીવન અનેક સ્થાને થી પ્રકાશિત પામેલ હોવાથી આપણે અહીં કેવળ આપશ્રીના જીવનનો સારાંશ માત્ર આપવો ઉચિત જણાય છે.

જન્મ પછી પરિવારના રિવાજ પ્રમાણે જાતકરણ, નામકરણ, વગેરે કર્મો કર્યા. ત્યારબાદ પ્રયાગમાં વાસ કરીને શ્રીમહાપ્રભુજી સં.૧૫૪૦ માં ઉપનયનસંસ્કાર કરવામાં આવ્યો. શ્રીમહાપ્રભુજી જ્યારે પાંચ વર્ષ ના થયા ત્યારે લક્ષ્મણ ભટ્ટજીને ત્રીજા પુત્રનો જન્મ થયો. એટલે કે શ્રીમહાપ્રભુજીને એક મોટા ભાઈ અને એક નાના ભાઈ એક આપશ્રીને મળીને ત્રણ બાળકો લક્ષ્મણ ભટ્ટજીને જન્મ્યા. મોટા ભાઈનું નામ નારાયણ ભટ્ટ હતું, પણ પાછળથી તે કેશવપુરીનું નવું નામ ગ્રહણ કરી ને સન્યાસી થયા. નાના ભાઈ રામકૃષ્ણ, વિદ્વાન હોવાથી અમુક પંડિતોએ દ્વેષથી ઝેર આપી મારી નાખ્યા એમ ઈતિહાસ કહે છે. આ વિષયમાં અનેક મત-મતાંતર પણ અલગ અલગ લેખકો દ્વારા પ્રાપ્ત થાય છે.

શ્રીમહાપ્રભુજીનો વિદ્યાભ્યાસ:

સં.૧૫૩૬ના અષાઢ સુદિ ૨ થી, એટલે કે જન્મથી સાતમે વર્ષે શ્રીમહાપ્રભુજીનો વિદ્યાભ્યાસ શરૂ થયો. કાશીમાં વિદ્યાવિલાસ ભટ્ટાચાર્ય પાસે ચાર મહિનામાં શ્રુતિ, સ્મૃતિ, શાસ્ત્ર, પુરાણ, શ્રીમદ્ભાગવતાદિ ભણ્યા ને એ દ્વારા પોતાનું અતુલ ઐશ્વર્ય બતાવ્યું અને

એજ વખતે વ્યાસસૂત્રનો ઉપયોગ બ્રહ્મવાદમાં કર્યો. ત્યાર બાદ ચાર સંપ્રદાયનાં બ્રહ્મસૂત્રભાષ્ય ભણવા દક્ષિણના સરસ્વતી ભંડારમાં પધાર્યા. આ પ્રસંગ સ્વયં શ્રીદાદાજી પોતાના સ્વમુખે વર્ષાવે છે.

લક્ષ્મણ ભટ્ટજીનો વૈકુંઠવાસ :

શ્રીમહાપ્રભુજીનો અભ્યાસ પૂરો થયો પછી થોડા સમયમાં જ આપશ્રીના પિતા લક્ષ્મણ ભટ્ટજી મકરના સૂર્ય થતાં સં.૧૫૪૬ના ચૈત્ર વદિ ૯ના દિવસે શ્રીલક્ષ્મણબાલાજીમાં લીન (અંતર્ધાન) થયા.

..ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોકુલેશ વાક્સુધા

।। શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ ।।

...ગતાંકથી આગળ

શંકાઃ હવે પ્રથમ શ્લોકમાં આપણે અનેક ગુણવાળા શ્રીપ્રભુના સ્વરૂપને આપણે જાણ્યું. પણ અન્ય મત વાળા પંડિતોને એક શંકા થાય છે, કે તમે (શ્રીગુસાંઈજી)ને આવું સ્વરૂપનું જ્ઞાન કેમ થયું? શી રીતે થયું? કારણ કે અમે પણ શાસ્ત્રના જાણકાર છીએ તો પછી અમને કેમ એવો અનુભવ ના થયો? ક્યાંય અન્ય શાસ્ત્રોમાં આવું વર્ણન આવેલ નથી. તો પછી શ્રીગુસાંઈજીને (ગ્રંથકાર)ને આ (શ્રીમહાપ્રભુજી)નું સ્વરૂપ જ્ઞાન થયું કેવી રીતે? વાત તો બરાબર, પણ તેનું સમાધાન શ્રીગુસાંઈજી આગળના શ્લોકમાં કરે છે કે

कलिकाल-तमश्छन्न-दृष्टित्वाद् विदुषामपि ।।

सम्प्रत्यविषयस् तस्य माहात्म्यं समभूद् भुवि ।। २ ।।

ભાવાર્થ:- આવા શુદ્ધ સાકાર પરબ્રહ્મનું માહાત્મ્ય કલિકાલના અંધકારથી અંધાપો આવી જવાના કારણે પૃથ્વી ઉપર હાલના સમયમાં ભલભલા વિદ્વાનો પણ જાણી શકતા નથી. ૨

રાગ: બિભાસ

વિદુષજનદષ્ટિ કલિકાલ મહાતિમિરતેં નિગમનવનીતકો હાર્દ નાહિં લહ્યો ।।

બ્રહ્મ સાકારકો ભેદ જાને બિના આસુરાવેશ - તેં વિરુદ્ધ હિ કહ્યો ।। ૧ ।।

ભૂમિકે જીવ મતિહીન વૈકુંઠ બાતકોં કહો કૈસે મંદ જાનૈ ।।

બ્રહ્મ સાકારકો રૂપ જાને બિના મુઢ અતિ અજ્ઞાન ક્યોં જુ માનૈ ।। ૨ ।।

તસ્ય સંપ્રતીતિ તાતેં નહિં હોત હૈ ઉગ્ર માહાત્મ્ય કૌન પાર પાવૈ ।।

શ્રીવિઠ્ઠલ-પદ-કમલ-રજધન ગોવિન્દ જન હરિ-વદન-વહ્નિ-ગુન ગાવૈ ।। ૩ ।।

વિદ્વાનોની દષ્ટિ પણ કલિકાલથી ઉત્પન્ન થયેલાં અજ્ઞાનથી છવાઇ ગયેલી હોવાથી હાલ ભૂમિ ઉપર આપશ્રી (શ્રીમહાપ્રભુજી)ના માહાત્મ્યનું જ્ઞાન રહેલું નથી.

વેદ અને શાસ્ત્રોનો અભ્યાસ કરેલા વિદ્વાનોની પણ દષ્ટિ કલિકાલથી ઉત્પન્ન થયેલું જે તમઃ તે અજ્ઞાન, અને તેનાથી છન્ન સર્વે બાજુ છવાઇ ગયેલી હોવાથી, હમણાં-કલિકાલમાં આપના એટલે શ્રુતિમાં જણાવેલ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમનાં માહાત્મ્યનું જ્ઞાન રહેલું નથી, કારણકે તેઓ (વિદ્વાનો) ભૂતલ ઉપર એટલે કે ભૂલોકમાં રહેલા છે. અને

પુરુષોત્તમનું સ્વરૂપ તો વૈકુંઠમાં સ્થિત છે. તેથી પંડિતોને એવું જ્ઞાન નથી થતું, જેવુ જ્ઞાન ભક્તો (વૈકુંઠવાસીઓ)ને થાય છે. એટલે અન્ય પંડિતોને આ જ્ઞાન નથી.

શંકાઃ ચાલો, તમારી આ વાત માની લઈએ કે જે તમારાજ શબ્દોમાં જે ભૂતલ ઉપર જન્મ લે છે, તેથી તેમને જ્ઞાન ન થાય. તો પછી આપશ્રી (શ્રીગુસાંઈજી)નું પ્રાગટ્ય પણ ભૂતલ ઉપરજ થયેલું છે. તો પછી જે અમને લાગુ પડે તે તો આપશ્રીને પણ લાગું પડવું જોઈએ. આપને પણ શ્રીમહાપ્રભુજીનું માહાત્મ્ય જ્ઞાન કેવી રીતે સંભવે ? બોલો ! શું કહેવું છે તમારે આ વિશે ?

સમાધાનઃ- વાત તમારી સાચી છે, પણ એમાં અધિરા બનવાનું કારણ શું છે ? ધિરજ રાખો, તમને તમારી શંકાનું સમાધાન થશે. જો હવે આગળનો જે શ્લોક છે તેમાં તમારી શંકાનું સમાધાન રહેલું છે.

दयया निजमाहात्म्यं करिष्यन् प्रकटं हरिः ।।

वाण्या यदा तदा स्वास्यं प्रादुर्भूतं चकार हि ।। ३ ।।

ભાવાર્થઃ- જ્યારે શ્રીહરિએ દયાને કારણે વાણીથી સ્વ માહાત્મ્ય પ્રકટ કરવાની ઈચ્છા કરી ત્યારે શ્રીહરિએ સાક્ષાત્ સ્વમુખનો પ્રાદુર્ભાવ કર્યો. ૩

રાગઃ રામકલી

જબ શ્રીહરિ ભઈ યહ ઈચ્છા નિજ મહિમા પ્રગટાવે કાજ ।।

વ્રજપતિ વદન-અનલ આનન્દમય પ્રગટ કિએ વાક્પતિ દ્વિજરાજ ।। ૧ ।।

સો સ્વરૂપ પ્રગટ્યો ભૂતલપે વિદ્યાનિધિ વિદુષન્ સિરતાજ ।।

દરસ પરસ ઉપજ્યૌ ઉર આનન્દ તીનોં ભુવન રહે સબ ગાજ ।। ૨ ।।

દૈવીજન સબ કરત બધાઇ ચિંતા ગઇ સબનકી ભાજ ।।

કહત ગોવિન્દ યહ ગાન કરૌ નિત બાલ વૃદ્ધ સબ જોરિ સમાજ ।। ૩ ।।

દયયા - દયાને એટલે પોતાના (સેવકોનાં) દુઃખનો નાશ કરવાની સ્વયંની પવિત્ર ઈચ્છાને કારણે **निज** પોતાનું પુષ્ટિમાર્ગીય લીલાના રસના ભાવરૂપ, કલિકાલના પ્રભાવને કારણે કોઇ પણ જાણી શકાય તેવું માહાત્મ્ય **वाण्या** પોતાની વાણીથી પોતાના સેવકોમાં પ્રકટ કરવાની ઈચ્છા કરી, ત્યારે સ્વ પુરુષોત્તમનુંજ માત્ર આનન્દરૂપ આધિદૈવિક અગ્નિરૂપ જે મુખારવિંદ **आस्य** શ્રીમુખારવિંદનું પ્રાકટ્ય ક્યૌં. અહિં શ્રીમુખનો પ્રાદુર્ભાવ કર્યો, એટલુંજ કહેવાથી શ્રીમહાપ્રભુજી પુરુષોત્તમ છે, તે સિદ્ધ થઇ જાય છે. છતાં, જે **निज** પોતાનાં શબ્દ શ્રીગુસાંઇજીએ પ્રયોગ કર્યો, ત્યાં એવી શંકા દૂર કરવા યોજેલ છે કે શ્રીઆચાર્યશ્રીમાં અંશ, કલા અને અવતારની જેમ કોઇક ઉપદેશ આપવાપણૂં વગેરે ગુન સ્થાપન કરીને, તેમનું શ્રીમુખારવિંદ પ્રકટ કર્યું હશે? જેવી વસ્તુ હોય, તેવીજ તેને બતાવવી એ **પ્રાદુર્ભાવ**, પણ ન હોય તેવી બનાવીને પણ દેખાડવી એ પ્રાદુર્ભાવ નથી. તેથી શ્રીમહાપ્રભુજીના પણ જેવા તે હતાં તેવા સાક્ષાત્ પુર્ણ પુરુષોત્તમના શ્રીમુખ તરીકેજ પ્રાદુર્ભાવ થયેલા છે. અને શ્રીમહાપ્રભુજી કોઇ અંશ, કલા વગેરેનો પ્રાદુર્ભાવ નથી. એમ જણાવવા માટે **आस्यं प्रादुर्भूतं** પોતાના શ્રીમુખનો પ્રાદુર્ભાવ કર્યો, એમ શ્રીગુસાંઇજી બાવા મૂલ શ્લોક દ્વારા આજ્ઞા કરે છે.

શંકાઃ એવી એક શંકા થાય છે કે જો પોતાથી જ સર્વ પુરુષાર્થ પૂર્ણ ભગવાનને આટલું કરવાનું શું પ્રયોજન?

સમાધાનઃ આવું કરવાનું કારણ એ છે કે પોતે **हरिः** શ્રીહરિ છે, કારણકે શ્રીમહાપ્રભુજી પોતાના સર્વ સેવકોને આ માર્ગનું માહાત્મ્યનું જ્ઞાન ન હોવાથી, તે (અજ્ઞાન) થી થયેલ (તેમનું)દુઃખ રહે જ, એટલે પોતાનું શ્રીહરિ પણું જ ન રહે. તેથી પોતાનું

શ્રીહરિપણું સિદ્ધ થાય તે માટે જ આટલું કર્યુ એમ જણાવવા **હરિઃ** હરિએ શબ્દ યોજેલ છે. ખરેખર તો આજ વાત યોગ્ય છે. જો શ્રીહરિ તરીકે પોતાનાં શ્રીમુખનો પ્રાદુર્ભાવ ન કરે, તો સાક્ષાત્ ભક્તિમાર્ગનાં માહાત્મ્યનું પ્રાકટ્ય ન થવાથી સ્વ-સેવકોને સર્વ પુરુષાર્થોની પ્રાપ્તિ ન થાય, તેથી ખરેખર **हि** શબ્દ યોજેલ છે, જો **हि** ને બદલે જો **ह** એવો પાઠ હોય, ત્યારે પોતાના સેવકોને માટે કૃપાથિ આટલું અલૌકિક કાર્ય કરેલું છે, તેથી પ્રભુ અત્યંત ભક્તપરાયણ છે એમ જાણી **हि** એમ કહેલું છે, એટલે પોતાના શ્રીમુખનો પ્રાદુર્ભાવ પોતાનાજ ફલમાર્ગના માહાત્મ્યનું જ્ઞાન હોવાનું અસાધારણ કારણ કહેલો છે, તેથી પોતાના શ્રીમુખારવિંદને તેનું જ્ઞાન છે, અને બીજાને નથી એમ સિદ્ધ થયું, એટલે કાંઈપણ અયોગ્યતા નથી.

(...ક્રમશઃ)

સંકલનઃ- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોકુલનાથજીકે ચોબિસ વચનામૃત

૨. ભગવદીયે દયા રાખવી-હિંસા ન કરવી.

અબ ઓરહું શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કરત હે-દૂરો લક્ષણ કહેત હેં. વૈષ્ણવ કો પ્રાણી માત્રપેં દયા કરની-રાખની. સો કેસે દયા કરની? કુંજરતેં ચેંટી પર્યંત દોઉ નમેં એક જાને. છોટે બટે જીવ સબ શ્રીપ્રભુકે હે, પ્રતિબિંબ ન્યારે ન્યારે દીસત હે. અંતર્યામી સબમેં એકહી હે. યહ ભાવ જાનિકે ભગવદીયકો હિંસાતે અત્યંત ડરપત રહનો. કાહુકો હૃદય કલપાવનો નાંહી ઓર મન વચન દેહતે ભલો કરનો. આપુ મન-વચન-દેહસે ન્યારે હે. સુખ-દુઃખતે દૂરિ હે. તાતે વૈષ્ણવ હોય કે પ્રાણી માત્રપે દયા રાખે. પ્રસંગ દુસરો. ૨

।। ઈતિ શ્રીગોકુલનાથજી કૃત દ્વિતીય વચનામૃત સંપૂર્ણમ્ ।।

(...ક્રમશઃ)

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

સ્વરૂપનિષ્ઠા

શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

દાદા નારાયણજી

દાદા નારાયણજીનો જન્મ સં.૧૬૨૫માં ભરૂચમાં રામજી શાહનાં ગૃહે થયો હતો.

વિ.સં.૧૬૪૬માં શ્રીગોકુલેશ પ્રભુચરણ ગુજરાતમાં પધાર્યા હતા અને તે સમયે આપશ્રી ખંભાતમાં શ્રીગુસાંઇજીના સેવક જીવાપારેખ અને માધવદાસ દલાલના ઘરે બિરાજતા હતા. સાથે શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર સેવક ચાચા હરિવંશજી પણ હતા. તે વખતે નારાયણજી વેપાર અર્થે ભરૂચથી ખંભાત આવ્યા હતા. અહીં શ્રીગોકુલેશ પ્રભુના દર્શન થતાં જ દાદા નારાયણજીએ શરણે લેવા વિનંતિ કરી. શ્રીગોકુલેશ પ્રભુએ દૈવી જીવ જાણી કૃપા કરી નામ આપ્યું અને શરણે લીધા.

નામ પામ્યા પછી જ્યારે દાદા નારાયણજી બહાર આવ્યા ત્યારે ચાચાજી ત્યાં ઊભા હતા અને પુછયું : શરણે જઇ નામ પામ્યા ? ત્યારે નારાયણજીએ કહ્યું: હા, ફક્ત નામ પામ્યો છું. એટલે ચાચાજીએ કહ્યું : એટલું પૂરતું નથી. માર્ગની રીત અનુસાર સમર્પણ કરો. આથી ચાચાજીની કહેવત અનુસાર નારાયણજી ફરી પાછા શ્રીગોકુલેશપ્રભુ પાસે આવી વિનંતી કરી : કૃપાનાથ ! ચાચાજી સમર્પણ કરવાનું કહે છે, આથી આપશ્રી કૃપાકરી મને સમર્પણ કરાવો..નારાયણજીની આ વિનંતી સાંભળી શ્રીદાદાજીએ પ્રસન્નવદને આજ્ઞા કરી : જાઓ, તુમ્હારો સમર્પણ હોય ગયો. આ પ્રકારે સ્વપ્રમેયબળથી શ્રીદાદાજીએ નારાયણજીનો અંગીકાર કર્યો હતો.

નારાયણજી કાવ્યદ્દષ્ટિએ નિપુણ હતા. તેમણે ગુજરાતી તેમજ વ્રજભાષામાં અનેક ધોળ, પદ, વિનંતિ, પ્રભાતિયા, વગેરે રચ્યાં છે. તેમણે રચેલા નીચેના બે પ્રભાતિયાં આજે પણ શ્રીચતુર્થદ્વાર-ગૃહની સૃષ્ટિમાં પ્રેમપૂર્વક ગવાય છે -

૧. ગોઠડી મીઠડી શ્રીગોકુલાધીશની શ્રવણ સુણતાં પ્રેમ જાગે.

૨. સારમાં સાર અવતાર અબળા તણો જેણે બળે શોભાજીનો વીર રીઝે.

તદુપરાંત નવરસ, કૃષ્ણવિવાહ વગેરે કાવ્યગ્રંથો પણ રચ્યા છે.

તેઓ મહદ્કુળના મૂળપુરુષ અને શ્રીગોકુલેશ પ્રભુના અંતરંગ સેવક ભાગ્યરાશ મોહનભાઈજીના દાદા હતા. આથી તેઓ દાદાનારાયણજી નામથી સુપ્રસિદ્ધ થયા હતા. ભરૂચમાં આજે પણ તેમના ઘરે શ્રીગોકુલેશ પ્રભુના શ્રીચરણારવિંદની સેવા બિરાજે છે.

દાદા નારાયણજીના પત્નીનું નામ ગંગાબાઇ હતું. શ્રીગોકુલેશ પ્રભુના નિત્યલીલામાં પધાર્યાના સમાચાર સાંભળતાંજ શ્રીપ્રભુ-વિરહમાં ભૌતિક દેહનો ત્યાગ કરી શ્રીગોકુલેશ પ્રભુના શ્રીચરણારવિંદને પ્રાપ્ત થયાં હતાં.

દાદા નારાયણજીને પાંચ પુત્રો :-

૧. ત્રિકમદાસ, ૨. કેશવદાસ, ૩. વેણીદાસ, ૪. સુંદરભાઇ અને ૫. મહદ્મણી ગોકુલભાઇજી અને પુત્રી જીજીબાઇ હતાં.

આ દાદા નારાયણની શ્રીદાદાજીના ભરરુચિ સમાજના અધિષ્ઠાતા હતાા. તેઓ મહદ્ અને સ્નેહમાર્ગના અગ્રણી સેવક હતા.

દાદા નારાયણજીના પુત્ર-પુત્રાાદિ સમગ્ર પરિવારે શ્રીગોકુલેશ પ્રભુની કરેલી સેવા અને ગયેલા ગુણગાણ અદ્યાપિપર્યંત ચિરસ્મરણીય છે. દાદા નારાયણજીનો શ્રીગોકુલેશ પ્રભુમાં અખંડ એકરસભાવ હતો. આવા સ્વરૂપનિષ્ઠ ભગવદીયના ભાવ અને ભાગ્યું વર્ણન થઇ શકે એમ નથી.

સંયોજન:- સ્વરૂપનિષ્ઠા પુસ્તક, પ્રકાશક ભાઇલાલભાઇ શેઠ.

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીધોળ પદ

ગોઠડી મીઠડી શ્રીગોકુલાધીશની

ગોઠડી મીઠડી શ્રીગોકુલાધીશની, શ્રવણ સુણતાં પરમ પ્રેમ જાગે.

સકલ સિદ્ધાંતનું સાર છે એ કથા, સર્વથા સર્વ સંદેહ ભાજે. ૧

પઢેરે પંડીત ઘણું ગાંગરી ગાંગરી, પાંગરી બુધ્ય પછે કરે રે ચર્ચા.

કો કહે ઈશ આરાધના સાધના, કો ગજાનનકો અમર અરચા. ૨

વાચક વાદાર્થે વંદે ધર્મ નહીં અનુંહ્દે, શાસ્ત્ર સિદ્ધાંત સ્વપ્ને ન જાણે.

તક્રને ખીર, કણવીરને કમોદની, ચર્મને ચીર સરખાં વખાણે. ૩

એણે કારણ મુને બીજું કાંઇ નવે ગમે, મારૂં મન રમે શ્રીગોકુલાધીશ ચરણે.

દાસ નારાયણ એરે વાતો વિના, આળ પંપાળ કેમ ધરૂં રે કરણે. ૪

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

વિચાર કરવો જોઇએ !

શ્રીગોકુલેશ પ્રભુના અનુરાગી, શ્રીગુરુદેવ શ્રીદેવકીનન્દનાચાર્યશ્રીના લાડીલા તેવા શ્રીચતુર્થગૃહના સર્વ વૈષ્ણવજન, આપણે સર્વેએ શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય જાણ્યું અને માણ્યું. આ અલૌકિક દિવ્યમાન સ્વરૂપના પ્રકાશથી ચાલો આપણું અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરીએ.

સારસ્વત કલ્પમાં ભગવાન શ્રીગોકુલેશના પ્રાગટ્ય બાદ, આપ પૂર્ણપુરુષોત્તમ શ્રીગોકુલેશ (શ્રીકૃષ્ણ)ને શ્રીમદ્ ગોકુલ પધરાવવા શ્રીયમુનાજી ભૂતળ ઉપર પધારી આપને માર્ગ ચિંધ્યો. તેજ રીતે આ કલીકાલમાં જ્યારે શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ગોકુલમાં શ્રીયમુનાજીના તટ પ્રદેશ પર બિરાજી શ્રીગોકુલેશ અને શ્રીસ્વામિનીજીના ગામની વિટમ્બણામાં મુગ્ધ થયાં ત્યાં શ્રીયમુના મહારાણીજી સાક્ષાત્ પ્રગટ થયાં, તે વારે શ્રીયમુનાજીના સ્વરૂપનું દર્શન કરી શ્રીયમુનાષ્ટકરૂપી સ્તુતી દ્વારા આપણા જેવા સર્વો જીવને તે સ્વરૂપની ઝાંખિ કરાવી.

આમ શ્રીમહાપ્રભુજીએ પોતાની પરિક્રમા દરમ્યાન શ્રીમદ્ ગોકુલમાં ગોવિંદ ઘાટ ઉપર નિવાસ કર્યો. આપનું તેજોમય સ્વરૂપ, અતિસુંદર, સોહામણું લાગતું. આપશ્રીના શ્રીમસ્તકે લાંબા કાળા, વાંકડીયા કેશ શોભાયમાન થતાં, આપશ્રીનાં ભાલે ઉર્ધ્વપુંડ્ર કુમકુમનું તિલક બિરાજતું જે આપશ્રીની શોભામાં અભિવૃદ્ધિ કરતું, આપશ્રીના શ્રીકંઠમાં

તુલસીજીની માળાજી સોહાતી, આપે ધારણ કરેલ શ્વેત વસ્ત્ર (ધોતી જોટા) આપના સ્વરૂપને અતિ લાવણ્યમય બનાવતું આપના વદન ઉપર ચમકતી શ્વેત યજ્ઞોપવિત બિરાજતા, નિત્ય સુસ્મીત વેરતું શ્રીમુખારવિંદ, કમલનયન, શ્રીચરણકમલ આવું આપનું સ્વરૂપ આપશ્રીની કૃપાથી અમારા અંતકરણમાં નિત્યલીલાનું અવગાહન કરે, બિરાજમાન રહે.

શ્રાવણ મહિનાની ૧૧-એકાદશી, આપશ્રીને ચિંતામાં આતુર હતા. આપશ્રીને પુષ્ટિજીવોની ચિંતા થઇ કે શ્રીઠાકોરજી નિર્દોષ છે, અને જીવ તો સ્વભાવતઃ દુષ્ટ છે, જીવ દોષથી ભરેલો છે, તો તેમનો સમ્બન્ધ-મિલન શ્રીપ્રભુની જોડે કેમ થાય ?

વિચારવા જેવું છે કે શ્રીવલ્લભને ચિંતા થઇ, નિરાકરણ કરવા શ્રીઠાકોરજી (શ્રીગોકુલચંદ્રમાજી સ્વરૂપે) પ્રગટ પધાર્યા...

- શું આપણને આપણા પોતાની ચિંતા થાય છે ?
- શું આપણે ક્યારે વિચાર કર્યો કે શ્રીમહાપ્રભુજી, શ્રીઉભય પ્રભુચરણ (શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઇજી), સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુ અને પ્રગટ બિરાજતા આપણા શ્રીગુરુદેવ શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી અને આપશ્રીના આત્મજ પૂજ્યચરણ શ્રીવિઠ્ઠલરાયજી, આ સર્વ સ્વરૂપે આપણા જેવા જીવોના ઉદ્ધાર માટે કેટલી મહેનત કરી, કેટલી કૃપા કરી, આપના જેવા જીવ માટે શું નથી કર્યુ ? તો શું આપણે આપણું કર્તવ્ય ચૂક્યાં ?
- શું આપણે આપણું કર્તવ્ય ભૂલ્યા ?
- શું આપણે આ સર્વ સ્વરૂપોમાં આપણી નિષ્ઠા ચૂક્યાં ?
- ક્યાં છે આપણો આશ્રય, ક્યાં છે આપણું શરણ ?
- શું આપણે હવે પોતાને પણ ભૂલ્યા તેવું નથી લાગતું ?

આ સર્વનું નિરાકરણ કરવા શ્રીહરિરાયજીએ કરેલી મહદ્ કૃપા થકી આપણે આ સર્વ સ્વરૂપના કાર્યને સાર્થક કરીએ.

શ્રીમહાપ્રભુજીની આડીથી મળેલી શરણાગતિ, બ્રહ્મસંબંધનું નિત્ય સ્મરણ અને ચિંતન કરીએ. આપણામાં સૂતેલા શુષ્ક પુષ્ટિજીવને જગાડીએ.

તો જોઈએ કે શ્રીહરિરાયજી અને શ્રીગોપેશ્વરજીએ આપણને શરણાગતિ અને બ્રહ્મસંબંધનું સ્મરણ, ચિંતન કેવી રીતે કરવું તે જણાવેલું છે.

...ક્રમશઃ

સંકલનઃ- રાજેન્દ્રભાઈ કડકીયા (યુ.એસ.એ.)

।। શ્રીગોકુલેશો જયતિ ।।

ગોકુલસ્ય તુ યો ગોપ્તા પુષ્ટિસુપથરક્ષિતા ।

જનિતા તુર્યવંશસ્ય ગોકુલેશં નમામિ તમ્ ।।

શ્રીગોકુલપતેર્ નિત્યં શુભદમાસ્પદં મહત્ ।

શ્રીવાલ્લભમતે નિષ્ઠં તુર્યપીઠં વયં નુમઃ ।।

શ્રીમદ્ ગોકુલ આવતા શ્રીચતુર્થગૃહના સેવકોને સન્મુખ-શ્રીચરણસ્પર્શ સંબંધી આવશ્યક માર્ગદર્શન

- કેવળ શ્રીચતુર્થગૃહની કંઠીદીક્ષા અને / અથવા બ્રહ્મસંબંધ દીક્ષા લેનાર વૈષ્ણવોને જ અહીં શ્રીચરણસ્પર્શ કરવાનો અધિકાર છે, અન્ય કોઈ ગૃહનાં વૈષ્ણવો શ્રીચરણસ્પર્શ કરી શકતા નથી.
- શ્રીબેઠકજીમાં સામગ્રીભોગ (આજકાલ જે અન્ય શ્રીબેઠકજીઓમાં થાય છે તેમ) સેવક-વૈષ્ણવોથી ધરી શકાતો નથી તેમજ ઝારીજી પણ ભરી શકાતા નથી, માત્ર શ્રીચરણસ્પર્શ જ થઈ શકે છે.
- શ્રીમદ્ ગોકુલમાં સૌ પ્રથમ વાર આવનાર શ્રીચતુર્થગૃહના સેવકે અહીં પોતાના પ્રાણપ્રેષ્ઠ અને સર્વદા સેવ્યા શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણની સન્મુખ થવું અનિવાર્ય છે. આ માટે શ્રીચતુર્થગૃહના મુખ્ય કાર્યાલયમાં સેવા આપતા વૈષ્ણવને પ્રથમ વિનંતી કરવી અને તેમની સહાયથી દીનતા અને ભક્તિભાવપૂર્વક શ્રીબેઠકજી સન્મુખ થવું, અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા.

- સન્મુખ થયા બાદ, શ્રીબેઠકજીમાં શ્રીચરણસ્પર્શ કરવા ઈચ્છુક વૈષ્ણવ ભાઈ-બહેને પ્રથમ મુખ્ય કાર્યાલયમાં વિનંતી કરવી અને તે દ્વારા શ્રીચતુર્થપીઠાધીશ્વર પૂજ્યચરણ શ્રીગુરુદેવ શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી પાસે સ્વયં ઉપસ્થિત રહી, શ્રીચરણસ્પર્શ માટે વિધિસર આજ્ઞા પ્રાપ્ત કરવી.
- સન્મુખ થનાર વૈષ્ણવે વ્રત કરતાં અગાઉ શ્રીપ્રભુની રસરૂપ પ્રસાદી સખડી લેવી અનિવાર્ય છે, અને ત્યારબાદ જ બીજા દિવસે વ્રત કરવું. જેની માહિતી શ્રીચતુર્થપીઠના મુખ્ય કાર્યાલય પરથી પ્રાપ્ત થઈ શકે.
- વ્રતના દિવસે માત્ર ફલાહાર અને દૂધ લેવાં. અન્ય કોઈપણ પ્રકારનો અન્નાહાર, પાન ગુટખા, ધૂમ્રપાન વગેરેનું સેવન કરવું નહિં.

...ક્રમશઃ

સંકલનઃ- રાજેન્દ્રભાઈ કડકીયા (યુ.એસ.એ.)

જૈ જૈ શ્રીગોકુલેશ

નામ તણો છે મોટો મહિમા શ્રીગોકુલનાથનો ગાજે રે,

સ્મરણ કીરતન કરો એ પ્રભુનું દુખડાં સઘલાં ભાજે રે. ૧

સદા સર્વદ સુખિયા થાવા ગુણ પ્રભુના ગાઉં રે,

દુઃખ સાગરનો ત્યાર કરીને, શરણ પ્રભુને જાઉં રે. ૨

તે માટે હું તમને કહું છું, નામ નિરંતર લેજો રે,

જન્મ મરણનો ભય નિવારી પ્રભુ ચરણે ચિત્ત ધરજો રે. ૩

ચાર અક્ષર છે ગૂઢ ગૂઢાંતર મહામંત્ર ફલકારી રે,

રસિક જનનાં ભાગ્ય ફલ્યાં તે નામ ધરો ચિત્ત ધારી રે. ૪

કવિત્ત

ગુનીગન જ્ઞાની કવિ પંડિત વિચારી દેખો,

સુનો સીખ મેરી મેરો વચન નિદાન હૈ;

ગોકુલકેનાથ ગુનગાથ જો સુને પ્રસિદ્ધ,

જાકી આદિ મધ્ય સિદ્ધ સદા એક બાન હે.

આદિહું તે આદિ, અનાદિ જાસોં કહીયત હૈ,

સોઇ એ સ્વરૂપ ઉપમા ન કોઉ આન હૈ;

ઉપમા અભૂત અદ્‌ભૂત ન કો ભાવી ભૂત,

કાહું ન સમાન ન કોઇ ઇનકી સમાન હૈ ..૧.

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

વર્ષ ૨ અંક ૩ જેઠ વદ ૧૧, ૨૦૬૪

શ્રીગોકુલેશ પાઠશાળા

તાત તણો પ્રતિબિંબ રે રસના - ૩

શ્રીકન્હૈયા પ્રભુ કે વચનામૃત

એક સમય આપશ્રીએ આજ્ઞા કીની જે, પુષ્ટિ પુષ્ટિ રસ વાર્તા પ્રસંગ વિજાતીસું ગોપ્ય રખની, ક્યોં જે શ્રીગોકુલેશજી આજ્ઞા કરત હે, યહ હમેરા પ્રમાણસું ન્યારે ભક્તિમાર્ગમેં (પ્રમેયમાર્ગમેં) શ્રીવલ્લભાચાર્યકો અનુભવ મુખ્ય હે. વે રસ અનન્ય ભક્તિ વિના ઓર જાનત નાંહિ.